# હવે વિધાનસભા ડીજીટલ અને પેપરલેસ બનશે

## ગુજરાત વિધાનસભા ખાતે દ્રીફછ પ્રોજેક્ટ અમલવારીની સમીક્ષા માટે સ્ટેટ પ્રોજેક્ટ મોનીટરીંગ યુનિટ(SPMU)ની છટ્ઠી બેઠક મળી

દેશની વિધાનસભાઓને ડીજીટલ બનાવવા ભારત સરકાર દ્વારા ''વન નેશન, વન એપ્લીકેશન'' અંતર્ગત નેશનલ ઈ-વિધાન એપ્લીકેશન એટલે કે NeVA પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભાને પણ ડીજીટલ અને પેપરલેસ બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા નેવા પ્રોજેક્ટને અમલી બનાવવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે.

'સ્વચ્છ ભારત સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ'ને પ્રોત્સાહન આપતા NeVA પ્રોજેક્ટની અમલવારીની સમીક્ષા કરવા માટે આજે ગુજરાત




વિધાનસભા ખાતે ભારત સરકારના સંસદીય બાબતોના સચિવ જી. શ્રીનિવાસના અધ્યક્ષસ્થાને સ્ટેટ પ્રોજેકટ મોનીટરીંગ યુનિટ (SPMU)ની છટ્ઠી બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભામાં NeVAની અમલવારી માટે તબક્કાવાર થઈ રહેલી કામગીરીની વિસ્તૃત વિગતો આપતું પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝેન્ટેશન બાદ સચિવશ્રી સહિત ઉપસ્થિત સભ્યશ્રીઓ દ્વારા આ પ્રોજેક્ટની અસરકારક અમલવારી માટે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભા દ્વારા NeVA પર ટ્રાયલ સ્ટેજ માટે કરવામાં આવેલી કામગીરી તેમજ વેબસાઈટનો ઈન્ટરફેસ સંસદીય બાબતોના સચિવ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સચિવશ્રીએ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને કેપેસીટી બિલ્ડીંગ માટે તાલીમોનું આયોજના કરવા, રાજ્ય આધારિત ફેરફારો કરવા તેમજ તાલીમ માટે પ્રાદેશિક ભાષામાં સાહિત્ય તૈયાર કરવા માટે સૂચનો આપ્યા હતા.

આ પ્રોજેક્ટની અમલવારી માટે જરૂર જણાયે ભારત સરકારના સંસદીય બાબતોના મંત્રાલય તરફથી પૂરતો સહયોગ આપવાની સચિવશ્રીએ ખાતરી આપી હતી. બેઠક બાદ સચિવ શ્રીનિવાસે ગુજરાત વિધાનસભા ગૃહની પણ મુલાકાત લઈ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં નાણા વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા, ગુજરાત ઈન્ફોરમેટીક્સ લી.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી વિદેહ ખરે, રાજ્યના સંસદીય બાબતોના સચિવ શ્રી સી. જે. ગોઠી, એન.આઈ.સી.ના સ્ટેટ ઈન્ફોરમેટીક્સ ઓફિસર પી. કે. સિંહ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ફરીવાર વાવાઝોડું આવે તેવી શક્યતાઓ સર્જાઈ

## હવામાન વિભાગના મતે ચોમાસું આગળ વધી રહ્યું છે : અરબ સાગરનું તાપમાન ઊંચું હોવાના કારણે વાવઝોડું સક્રિય થઇ શકે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૦૨

આગામી દિવસોમાં ફરી એકવાર ગુજરાતમાં વાવાઝોડું આવે તેવી શક્યતાઓ સર્જાઇ છે. આ ઉપરાંત ભારે પવન સાથે વરસાદ પડવાની પણ વકી છે. હવામાન વિભાગે ચોમાસું આગળ વધી રહ્યું છે અને તે લક્ષદ્વીપ પહોંચ્યું છે. આગામી તા. ૪ જૂન સુધી ચોમાસું કેરળ પહોંચી શકે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યકત કરી છે. બીજી તરફ ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે અરબ સાગરનું તાપમાન ઊંચું હોવાના કારણે વાવઝોડું સક્રિય થઈ શકે છે.

હવામાન વિભાગના મત મુજબ ચોમાસાની પરિસ્થિતિ અનુકૂળ છે તથા ચોમાસું મુંબઈ પહોંચશે ત્યારબાદ ગુજરાતનું ચિત્ર સ્પષ્ટ થશે. આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. તેમજ અમદાવાદમાં આજે સાંજે વરસાદની સંભાવના છે. ગુજરાતમાં વાવાઝોડું આવે તેવી સંભાવનાઓ છે. તેમજ અરબી સમુદ્રમાં સકર્યુલેશન બનવાની સંભાવના છે. તેથી દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ રહેશે. તથા રાજ્યમાં ૭થી ૧૧ જૂન વચ્ચે ભારે વરસાદની સંભાવના છે.

તાજેતરમાં જ ગુજરાતમાં કમોસમી વરસાદે સતત બે દિવસ ધબડાટી બોલાવી હતી અને આઈપીએલની ફાઈનલ મેચમાં વરસાદ વિઘ્ન બન્યો હતો. હવે રાજ્યમાં વાવાઝોડાનો ખતરો મંડરાઇ રહ્યો છે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે અરબ સાગરનું તાપમાન ઊંચું હોવાના કારણે વાવઝોડું સક્રિય થઈ શકે છે કેમકે બંગાળની ખાડી કે અરબી સમુદ્રમાં કોઈપણ સિસ્ટમ સક્રિય થાય તો તેની ગુજરાતના વાતાવરણ ઉપર અસર જોવા મળતી હોય છે. તેમના મતે રાજ્યમાં આગામી ૧૫ દિવસ બાદ ગુજરાતમાં ચોમાસું બેસી શકે છે. અને તા ૨૨મીથી ૨૫મી જૂન દરમ્યાન અન્ય વિસ્તારમાં ચોમાસું બેસી શકે છે જેથી જે ખેડૂતોને પિયતની સુવિધા હોય તેઓ વાવણી કરી શકે છે તેવી સલાહ તેમણે આપી છે.

અંબાલાલ પટેલના મતે વાવઝોડું મૃગશીર્ષ નક્ષત્રમાં જોર પકડશે. બે વાવાઝોડા સક્રિય થવાનું કારણ છે હવાનું દબાણ. આવું ક્યારે બન્યું નથી, પહેલી વખત આવું બનશે અને વિશિષ્ટ સ્થિતિ જોવા મળશે. અરબી સમુદ્રમાં ૩થી ૭ જૂન વચ્ચે વાવઝોડું સક્રિય થશે અને બંગાળની ખાડીમાં ૭થી

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લાભરમાં સાયકલોથોન યોજાશે

## આજે વિશ્વ સાયકલ દિવસની ઉજવણીને લઈ આરોગ્યતંત્ર દ્વારા સાયક્લોથોનનું આયોજન : ''આરોગ્ય માટે સાયકલ'' થીમ આધારિત સાયક્લોથોન યોજાશે

ગાંધીનગર, તા. ૨

આજે વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે જિલ્લાના ૧૮૨ આરોગ્ય કેન્દ્રો ખાતે સાયક્લોથોનનો કાર્યક્રમ યોજવામાં આવશે.



બિનચેપી રોગો, જીવનશૈલી આધારિત રોગો દેશમાં ૫૩ ટકાથી વધુ મૃત્યુ માટે જવાબદાર છે. જેને લીધે ઘણી સામાજિક અને આર્થિક અસરો જે તે પરિવાર પર થતી હોય છે. બિનચેપી રોગો, જીવનશૈલી આધારિત રોગો થવા માટે શારિરીક નિષ્ક્રિયતા એ જોખમી પરિબળોમાંનું એક છે. નેશનલ એન.સી.ડી. મોનીટરીંગ સર્વે ૨૦૧૭-૧૮ દરમ્યાન ૪૧.૩ ટકા ભારતીયોમાં શારિરીક પ્રવૃત્તિનો અભાવ જોવા મળે છે. શારિરીક પ્રવૃત્તિથી થતા સ્વાસ્થ્ય લાભોમાં બિનચેપી રોગો જીવનશૈલી આધારિત રોગોના જોખમમાં થતો ઘટાડો એટલુ જ નહિ માનસિકતા પર હકારાત્મક અસર સાથે માનસિક ઉન્માદની પરિસ્થિતિમાં પણ ઘટાડો કરે છે અને આરોગ્ય સુખાકારીને પ્રોત્સાહન આપે છે.

૩જી જૂન વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સાયક્લોથોનનું આયોજન જિલ્લામાં ૧૮૨ સ્થાનો પર આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. જેમાં ૧૫૦ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો તેમજ ૩૨ જેટલા પ્રા.આ. કેન્દ્રો પર સાયક્લોથોનનો કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર શહેરમાં પણ મનપાના આરોગ્યતંત્ર દ્વારા સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યુ છે.

ઈકો ફ્રેન્ડલી વાહન-વ્યવહાર દ્વારા શારિરીક અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે ''આરોગ્ય માટે સાયકલ''ની થીમ નિયત કરી આ સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યુ છે.

# બનાસ ડેરીના ચેરમેન પદે પુનઃ શંકરભાઈ ચૌધરીની વરણી




એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન તરીકે માનનીય શ્રી શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે શ્રી ભાવાભાઈ દેસાઈની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે. બનાસ ડેરીના માધ્યમથી પશુપાલકો અને ખેડૂતો માટે કરાતા કલ્યાણકારી કાર્યોનું પરિણામ છે કે ડેરીના નિયામક મંડળે ફરીએકવાર ચેરમેન તરીકે શ્રી શંકરભાઈ ચૌધરી પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બનાસ ડેરીના બોર્ડરૂમમાં ચુંટણી અધિકારી, બનાસ ડેરીના ડિરેક્ટરશ્રીઓ, પશુપાલકો અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. બનાસ ડેરીના ચેરમેન પદે પુનઃવરણી થવા બદલ શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ શ્રી ભાવાભાઈ દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

પશુપાલક અને ખેડૂતના કલ્યાણ અર્થે તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સ્વપ્નોને પરિપૂર્ણ કરવા બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સતત કટીબદ્ધ રહ્યાં છે. લગભગ ૭-૮ વર્ષના ચેરમેન તરીકેના એમના કાર્યકાળ દરમિયાન તેમણે અનેક એવા વિકાસલક્ષી, કલ્યાણકારી અને ખેડૂતલક્ષી નિર્ણયો કરીને બનાસ ડેરીને ઉત્તરોતર પ્રગતિના માર્ગે ધપાવી છે. એમના નેતૃત્વમાં બનાસ ડેરી સહકારથી સમૃદ્ધિના માર્ગ પર બનાસ ડેરી અગ્રેસર રહી છે.

બનાસ ડેરીના ચેરમેન તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની પુનઃવરણી થવી એ દર્શાવે છે ખેડૂતો અને પશુપાલકોનો વિશ્વાસ તેમણે જીત્યો છે. ડેરીના માધ્યમથી તેમણે અનેક એવા નિર્ણયો, યોજનાઓ અમલમાં મૂકી છે જેના લીધે પશુપાલકોની સમૃદ્ધિ સતત વધતી રહી છે.

# સરકારી દવાખાનાઓમાં પ્રસુતિની ટકાવારી સુધરે તે જોવા સૂચના

ગાંધીનગર, તા. ૨

જિલ્લામાં સરકારી સંસ્થાઓમાં પ્રસુતિઓની ટકાવારી વધે તેના પર જિલ્લા કલેક્ટરશ્રીએ ભાર મુકી પ્રસુતાનું નિયમિત ફોલોઅપ અને મોનીટરીંગની કાર્યશૈલીને વધુ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

માતા-મરણને લઈ યોજાયેલ સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ માતા-મરણમાં થયેલા ઘટાડા અંગે સંતોષ વ્યક્ત જરૂર કર્યો હતો. તેમણે જિલ્લામાં ૧૦૦ ટકા સંસ્થાકીય પ્રસુતિ થાય છે તે વાતને સ્વીકારી હતી પરંતુ ખાનગી સંસ્થાઓમાં પ્રસુતિઓ જે થાય છે તેની સામે સરકારી સંસ્થાઓમાં માત્ર ૩૦ ટકા જેટલી જ પ્રસુતિ થતી હોવાની વાતને લઈ ટકોર કરતાં જણાવ્યુ હતુ કે નિયમિત ફોલો-અપ અને મોનીટરીંગ કરવામાં ક્યાંક ઉણપ હોય તેવુ લાગી રહ્યુ છે.

અર્લી રજીસ્ટ્રેશન થાય તેમજ મમતા દિવસે જ સગર્ભાની તપાસ અને મોનીટરીંગ થાય તેવુ નહિ પણ સતત ફોલોઅપ લેવામાં આવે અને સરકારી સંસ્થાઓમાં સારી સેવાઓ ઉપલબ્ધ છે તે સમજાવવામાં આવે તો આ ટકાવારી સુધરી શકે.

તેમણે સગર્ભાઓના આરોગ્યની નિયમિત ચકાસણી, વિવિધ યોજનાઓના ફાયદાઓની સમજ પણ આ બહેનોને આપવામાં આવે તે જરૂરી છે. પ્રધાનમંત્રી માતૃવંદના, જનની સુરક્ષા યોજના જેવી યોજનાઓની જાણકારી આપવામાં આવે તેમજ આ માટે જન-જાગૃત્તિ આવે તેવા અભિગમ સાથેનો રોડમેપ તૈયાર કરવા તેમણે જણાવ્યુ હતુ.

તેમણે આ બેઠકમાં જિલ્લાની સરકારી સંસ્થાઓમાં પ્રસુતિ માટેની સુવિધાઓ સંદર્ભે પણ જાણકારી મેળવી હતી તેમજ ઉપલબ્ધ સેવાઓની સમીક્ષા કરી હતી. જિલ્લામાં જનની સુરક્ષા યોજના અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની પણ સમીક્ષા કરી હતી અને લાભાર્થીઓ આ યોજનાથી વંચિત ન રહે તે જોવા પણ જણાવ્યુ હતુ.

# ગાંધીનગરમાં વાહનચાલકો માટે સિગ્નલ એ સમસ્યાનું કારણ નહિ રહે

## મનપા અને જિલ્લા પોલીસ દ્વારા કવાયત, 'ક' રોડ પર પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં વાહનચાલકોને સિગ્નને કારણે પડી રહેલી હાલાકીના કાયમી ઉકેલ માટે મનપા અને જિલ્લા પોલીસ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

વાહનચાલકો માટે ગ્રો-ગ્રીન પ્લાનીંગ અંતર્ગત દરેક મુખ્ય માર્ગ પર માત્ર એક વખત જ લાલ સિગ્નલ નડશે. નગરજનો પાસેથી દંડ વસુલવા માટે ઉપયોગમાં લેવાતી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ હવે ટ્રાફિક જામ નિવારવા અને પ્રદૂષણ પણ ઘટાડવા માટે થશે.

પાટનગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ મૂકાયા ત્યારે મોટાભાગના નગરજનોને આશ્ચર્ય થતું હતું. અહીંયા વળી, ક્યાં એવો ટ્રાફિક છે કે સિગ્નલની જરૂર પડે? પણ સમય ઝડપથી બદલાયો અને પાટનગરને મહાનગર તરીકેની ઓળખ મળી. આજે સ્થિતિ એવી છે કે, ગાંધીનગરના દરેક મુખ્ય




માર્ગ પર ભરચક ટ્રાફિક જોવા મળે છે. દર એક કિમીના અંતરે સર્કલ આવે અને બે-ત્રણ મિનિટ રેડ સિગ્નલ પર વાહન રોકવું પડે. ઈંધણ અને સમયનો વ્યય થવાની સાથે રોજ હજારો વાહનચાલકોને પડતી હાલાકીની સમસ્યા અલગ. આ સ્થિતિના કાયમી ઉકેલ માટે ગાંધીનગર મહાનગર પાલિકા અને જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે કોઈ પણ મુખ્ય માર્ગ પર એક વખત રેડ સિગ્નલ પર ઊભા રહેવું પડ્યું હોય તો ત્યાર બાદના તમામ ક્રોસિંગ પર રેડ લાઈટ નડે નહીં તેવું આયોજન અમલમાં મૂકાયું છે.

પાટનગરના ટ્રાફિક મેનેજમેન્ટને ઓટોમેશન મોડ પર લાવવા માટે મહત્ત્વના ટ્રાફિક જંક્શન પર એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સીસ્ટમ મૂકવામાં આવી છે. આ સીસ્ટમ અંતર્ગત ક-રોડ, ખ-રોડ, ગ-રોડ, ઘ-રોડ અને ચ- રોડના તમામ જંક્શન પર ચાર-ચાર સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે. આ કેમેરામાં રેડ લાઈટ વાયોલેશન ડીટેક્શન અને સ્પીડ વાયોલેશન ડીટેક્શનની સુવિધા પણ છે, જેની મદદથી ટ્રાફિક સિગ્નલનો ભંગ કરનાર કે સીટ બેલ્ટ-હેલમેટ વગર વાહન ચલાવનારને ઘરે બેઠા મેમો મોકલી શકાય છે. દંડ વસૂલવા ઉપરાંત વાહનચાલકોની અગવડ દૂર કરવા અને પ્રદૂષણ ઘટાડવા માટે આ સીસ્ટમનો ઉપયોગ કરવાની પહેલ શરૂ થઈ છે.

સામાન્ય રીતે ટ્રાફિક સિગ્નલમાં સમય મર્યાદા સેટ કરેલી હોય છે અને તેના આધારે સિગ્નલ ચાલુ-બંધ થતા હોય છે. પણ ગાંધીનગરમાં ઓફિસ શરૂ થવાના સમયે સચિવાલય કે સરકારી કચેરી તરફ જતાં રસ્તા પર ટ્રાફિક વધુ હોય છે અને ઓફિસ છૂટવાના સમયે સામેની બાજુના રસ્તા પર ટ્રાફિક વધુ હોય છે. ટ્રાફિકની ગીચતાના આધારે સિગ્નલ સેટ થઈ શકે અને તે મુજબ સિગ્નલ ચાલુ-બંધ રહેવાના સમયમાં ફેરફાર થઈ શકે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં દેશની પ્રથમ લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરી સ્થપાશે

## ગુજરાત સરકાર અને ટાટા ગ્રૂપ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં એમઓયુ સંપન્ન થયા હતા



ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત દેશમાં લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગનું અગ્રણી રાજ્ય બનવા સજ્જ થયું છે. આ હેતુસર લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં એમઓયુ સંપન્ન થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિક્સ પોલિસીની ફલશ્રુતિ રૂપે આ એમઓયુ કરવામાં આવ્યા છે. ટાટા ગૃપની સબસીડીયરી કંપની અગ્રતાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન પ્રાયવેટ લિમિટેડના ઝઈ અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ વિજય નહેરાએ આ એમઓયુ પર હસ્તાક્ષર કરી મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં એમઓયુની પરસ્પર આપ-લે કરી હતી.

ગીગા ફેક્ટરી ભારતમાં આ પ્રકારનો પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત કરશે. એટલું જ નહિ, આ પ્લાન્ટમાં અંદાજે ૧૩ હજાર કરોડ રૂપિયાના પ્રારંભિક રોકાણ સાથે ૨૦ ડુર ની ઉત્પાદન ક્ષમતા હશે અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને ૧૩ હજારથી વધુ લોકોને રોજગાર અવસર આ પ્લાન્ટને પરિણામે મળતા થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર ઈલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન વધારીને કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા-ગ્રીન ક્લિન એનર્જી વધારવા અને ફોસિલ ફ્યુઅલ કન્ઝમ્પશન ઘટાડી કાર્બન ઉત્સર્જન ઘટાડવાના વિઝન માટે પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટેના એમઓયુ સંપન્ન થયા હતા.

આ સંદર્ભમાં ઈ.વી નો વપરાશ વધવાની સાથે લિથિયમ-આયન બેટરી પરની નિર્ભરતા પણ નોંધપાત્ર રીતે વધશે.

ટાટા ગૃપના આ પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાત લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગમાં અગ્રણી રાજ્ય બનશે તેમજ રાજ્યમાં બેટરી મેન્યૂફેક્ચરીંગ ઈકો સિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટની સફળતા માટે રાજ્ય સરકારના સહયોગની તત્પરતા આ તકે વ્યકત કરી હતી. આ એમઓયુ સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તથા ટાટા ગૃપના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા.




# સાહિત્ય પરિષદે રૂખસદ આપેલા ૧૨ સાહિત્યકારોમાં ત્રણ ગાંધીનગરના

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયતતાના મામલે છેલ્લા કેટલાય વખતથી સાહિત્ય પરિષદમાં ચાલતો વિવાદ હવે પરાકાષ્ટાએ પહોંચતો જાય છે. ૧૧૮ વર્ષ જુની ગુજરાત સાહિત્ય પરિષદે સાહિત્ય અકાદમી સ્વાયત હોવી જોઈએ એ મામલે આરંભેલી લડતના ભાગરૂપે સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ પરિષદની મધ્યસ્થ સમિતિના ૧૨ સભ્યોને એક સાથે રૂખસદ આપી દેવાઈ છે. જેમાં ગાંધીનગરના ત્રણ સાહિત્યકારો સર્વશ્રી કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ અને ધ્વનિલ પારેખનો સમાવેશ થાય છે. ગુજરાત સાહિત્ય અકાદમી સાથે સંલગ્ન એવા ૧૨ સાહિત્યકારોને ગુજરાત સાહિત્ય પરિષદે તેની કારોબારીમાંથી રૂખસદ આપી દીધી છે. આ ૧૨ સાહિત્યકારો પૈકી ત્રણ સાહિત્યકારો ગાંધીનગરના છે. પરિષદમાંથી રૂખસદ અપાયેલા સાહિત્યકારોમાં હરદ્વાર ગોસ્વામી, પારુલ બારોટ, યજ્ઞેશ દવે, કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ, ધ્વનિલ પારેખ, પ્રજ્ઞા વશી, અજયસિંહ ચૌહાણ, ગુણવંત વ્યાસ, દીપક ભટ્ટ, લતા હિરાણી અને મનીષ પાઠકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય બે સભ્યો જગદીશ કંથારિયા અને અશોક ચાવડાએ રાજીનામા આપ્યાં છે. જે ત્રણ સાહિત્યકારો ગાંધીનગર છે તેમાં કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ અને ધ્વનિલ પારેખનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com